# જીવનમાં અવલોકન કરવાની ટેવ પાડો

---------------------------

એક જૂની કહેવત છે કે આંધળાના નગરમાં કાણો પણ રાજા હોઈ શકે છે. મોટા ભાગના લોકો પાસે બે આંખો હોય છે. હકીકતમાં આ કથનનો અર્થ એ નથી કે તમારી પાસે આંખો છે કે નહીં અને છે પણ તો કેટલી. કથન એ બાબતનું સૂચન કરે છે કે તમે તમારી આંખોનો કેટલો સારો ઉપયોગ કરી શકો છો અને તમારે આવું કરવું પણ જોઈએ.

માણસ હોવાની દ્રષ્ટિએ આપણી સાથે મુશ્કેલી એ છે કે આપણે પોતાની જ્ઞાનેન્દ્રિયો માટે ઉપલબ્ધ મોટા ભાગની માહિતીઓને જાણતાં-અજાણતાં વણદેખી કરતા હોઈએ છીએ. આપણે ઇન્દ્રિયોને સતત સક્રિય નહીં રાખીએ તો આપણી દુર્ગતિ પણ પેલા જૂના રોબોટ જેવી થઇ શકે છે જેની બધી જ લાઇટ સળગવા લાગે છે, ચેતવણીની ઘંટડી પણ વાગવા લાગે છે અને બંને કાનમાંથી ધુમાડો પણ નીકળવા લાગે, જેવું કે 'ઓવરલોડ' ની સ્થિતિમાં થાય છે.

આવું ન કરીને આપણે કેટલીય મહત્વની ચીજોને ભૂલી જઈએ છીએ. ઓફિસના રાજકારણ અને કર્મચારીઓની આંતરિક હરીફાઈના કારણે આપણે કેટલીક વખત લાચાર અવસ્થામાં મુકાઈ જતા હોઈએ છીએ. આપણે કામમાં એટલા વ્યસ્ત થઈ જઈએ છીએ કે કયારેક જ આપણે આજુબાજુની ગતિવિધિઓ પર ધ્યાન આપતા હોઈએ છીએ. જે લોકો આવું કરે છે, તે આપણા કરતાં આગળ નીકળી જાય છે

સચોટ અવલોકનની ક્ષમતાના ઘણા ફાયદા છે. તે તમને મિત્રો અને વિરોધીઓ, બોસ અને સહકર્મચારીઓ અંગે વધુ વ્યવસ્થિત રીતે સમજ વિકસિત કરવામાં મદદરૂપ પુરવાર થાય છે. તેનાથી નિર્ણય લેવાની ક્ષમતા સુધરે છે. બીજા લોકોની મદદ કરવાની રીતભાત શીખવામાં પણ મદદ મળે છે. આપણે બીજાને પ્રભાવિત કરી શકીએ છીએ અને વર્તમાન સમસ્યાઓના ઉકેલ માટે નવી રીત શોધવામાં પણ મદદ મળે છે. સમસ્યાઓ અને તકોને અગાઉથી જ જાણી લેવાની દ્રષ્ટિનો વિકાસ થાય છે. અવલોકનની પ્રક્રિયાને ટેવમાં પરિવર્તિત કરવી કોઈ મુશ્કેલ કામ નથી.

સૌથી પહેલા તમારે પોતાનું ફોકસ નક્કી કરવું પડશે. તમારામાં અભ્યાસની ઇચ્છા પણ હોવી જોઈએ. પ્રારંભમાં કોઈ એક ઇવેન્ટ કે વ્યક્તિ પર ફોકસ કરવાનો પ્રયાસ કરો. મીટિંગ દરમિયાન સંપૂર્ણ રીતે સજાગ રહીને લોકોના વર્તન અને પ્રતિક્રિયાઓનું અવલોકન કરો. તેનાથી તમને ઘણા ફાયદા થશે. એકવાર તમારામાં સજાગ પ્રેક્ષકની દ્રષ્ટિ આવી જાય તો પછી તેની સાથે-સાથે તમને બીજું ઘણુંબધું મળી જશે. ફંડા એ છે કે પોતાની આંખો ખુલ્લી રાખો. આજુબાજુની ગતિવિધિઓ પ્રત્યે સજાગ રહેવાની ટેવ પાડો.

Dinesh-Vadasan
9377209292

BACK to

વડવાળા.કોમ
Vadwala.com

www.vadwala.com